# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાજ્યમાં 179 ખરીદ કેન્દ્ર પરથી ચણા અને 87 ખરીદ કેન્દ્ર પરથી રાયડાની ટેકાના ભાવે ખરીદી ગઇ કાલથી શરૂ કરવામાં આવી.**
2. **જાહેર વહીવટમાં ઉત્કૃષ્ટતા બદલ "હોલિસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી"માં રાજકોટને દેશનાં સર્વશ્રેષ્ઠ જિલ્લાનો પ્રધાનમંત્રી પુરસ્કાર.**
3. **'આપણી શક્તિ, આપણી પૃથ્વી ' વિષયવસ્તુ સાથે આજે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી**
4. **રાજ્યમાં આગામી 3 દિવસ સુધી તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી.**
5. **IPLમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 39 રનથી હરાવ્યું.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CHANA KHARIDI

રાજ્યમાં 179 ખરીદ કેન્દ્ર પરથી ચણા અને 87 ખરીદ કેન્દ્ર પરથી રાયડાની ટેકાના ભાવે ખરીદી ગઇ કાલથી શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગરથી આ ખરીદીનો વર્ચ્યૂઅલ પ્રારંભ કરાવતાં કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, આ વખતે ખેડૂતો પાસેથી એક હજાર 903 કરોડ રૂપિયાની કિંમતના ત્રણ લાખ 36 હજાર મૅટ્રિક ટન ચણાની અને 767 કરોડ રૂપિયાની કિંમતના એક લાખ 29 હજાર મૅટ્રિક ટન રાયડાની ખરીદી કરાશે.

તેમણે કહ્યું, ટેકાના ભાવે ચણાના વેચાણ માટે ત્રણ લાખ 36 હજારથી વધુ ખેડૂતો અને રાયડાના વેચાણ માટે એક લાખ 18 હજારથી વધુ ખેડૂતોએ ઑનલાઈન નોંધણી કરાવી છે.

બનાસકાંઠા જિલ્લામાં પણ રાયડા ખરીદી સેન્ટર પર ખરીદી ચાલુ કરવામાં આવી છે. જિલ્લાના ખેડૂતો રવી સીઝનમાં મોટા પ્રમાણમાં રાયડાનું વાવેતર કરે છે. ખેડૂતોએ આ વર્ષે પણ સરકાર ચાર હજાર કિલો રાયડો ખરીદી તેવી માંગ કરી છે.

---

# FARMER ID - MAHISAGAR

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારનાં સંયુક્ત પ્રયાસોથી ખેડૂત નોંધણી હેઠળ રાજ્યમાં ખેડતોને આધારકાર્ડની જેમ ફાર્મર આઈ.ડી આપવાની નોંધણી હાલ ચાલી રહી છે. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં હાલ ખેડૂત નોંધણીની 60 ટકા કામગીરી પૂર્ણ થઈ છે અને અંદાજિત સવા લાખથી વધુ

ખેડૂતોએ ફાર્મર  આઈડી મેળવ્યું છે ત્યારે ગ્રામ્ય કક્ષાએ આ કામગીરીની સમીક્ષા કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી જે .આર. પટેલે ગઇકાલે ડોકેલાવ અને લાડવેલ ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી.

નોંધણી દરમિયાન આવતી ટેકનિકલ સમસ્યાઓનું નિવારણ થાય તેમજ ઝડપથી ખેડૂત નોંધણી કામગીરી પૂર્ણ થાય તે માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

## <u>બાઇટ જે.આર.પટેલ જિલ્લા ખેતીવાડી અધિકારી</u>

---

# RAJKOT DISTRITCT AWARD

કેન્દ્ર સરકારની  11 જેટલી મુખ્ય યોજનામાં રાજકોટ જિલ્લાની કામગીરી સમગ્ર દેશમાં સર્વશ્રેષ્ઠ રહી છે.  "હોલીસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી" અંતર્ગત દેશના 780 જિલ્લાઓમાંથી રાજકોટ જિલ્લાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જાહેર વહીવટમાં ઉત્કૃષ્ટતા બદલ પ્રધાનમંત્રી પુરસ્કાર મેળવ્યો છે.

ગઈ કાલે કલેક્ટર પ્રભવ જોષીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ટ્રોફી , પ્રમાણપત્ર અને 20 લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર સ્વીકાર્યો હતો.  ‘હોલીસ્ટિક ડેવલપમેન્ટ’ કેટેગરી અંતર્ગત હર ઘર નલ યોજના , પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ તથા શહેરી), આયુષ્માન ભારત –PM JAY, પીએમ સ્વનિધી, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના , ખેડૂતો, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના , પીએમ વિશ્વકર્મા, સક્ષમ આંગણવાડી અને પોષણ  2.0 તથા પીએમ સૂર્ય ઘર મફત વિજળી યોજનાઓ

સહિતની કુલ 11 યોજનાઓનાં લાભ લોકો સુધી પહોંચાડવા અંગેની સિદ્ધિનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે , રાજકોટ જિલ્લામાં 32 હજારથી વધુ ઘરો પ્રધાનમંત્રી સૂર્યઘરની યોજનાથી જોડાઈ ઉર્જા બાબતમાં આત્મનિર્ભર બન્યા છે. જેમાંથી 81 ટકા વપરાશકર્તાઓ ઉત્પાદક તથા ઉપભોક્તા બની ચૂક્યા છે.

---

# PANCHMAHAL POSHAN PAKHVADIYU

પંચમહાલ જિલ્લાની તમામ આંગણવાડીઓમાં પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી દરમિયાન આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર અને તેમની ટીમ દ્વારા સગર્ભા તેમજ ધાત્રી બહેનોને આંગણવાડી તેમજ ઘરે-ઘરે જઈને પોષણ અંગેની તેમજ બાળકની એક હજાર દિવસ દરમિયાન કાળજી રાખવા અંગેની સમજણ આપવામાં આવી.

---

# PRUTHVI DIVAS

આજે 22 એપ્રિલે ‘આપણી શક્તિ , આપણી પૃથ્વી ’ વિષયવસ્તુ સાથે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરાશે. આ વિષયવસ્તુનો ઉદ્દેશ દરેકને નવીનીકરણ ઊર્જા માટે એક થવાનું આહ્વાન કરવાનો છે. સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

(પર્યાવરણની સતત બગડતી પ્રકૃતિ અંગે લોકોમાં જાગૃતિ લાવવા અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા વિશ્વ પૃથ્વી દિવસ ઉજવવામાં આવે છે. 22 એપ્રિલ 1970ના રોજ પહેલી વાર આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
પ્રથમ પૃથ્વી દિવસ ઉજવવામાં આવ્યો ત્યારથી તે પૃથ્વી પરના દરેક માનવી માટે વૈશ્વિક ઘટના બની ગઈ છે , જેમાં કરોડો લોકો વૃક્ષારોપણ , સફાઈ અભિયાન , શૈક્ષણિક પહેલ જેવી પ્રવૃત્તિઓમાં સામેલ થઈ અન્ય લોકોને પ્રેરણા આપે છે.

(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)

---

# J & K LANDSLIDE

કાશ્મીરના રામબન ભૂસ્ખલનમાં ફસાયેલા રાજકોટ જિલ્લાના પ્રવાસીઓની જાણકારી આપવા માટે જિલ્લા વહીવટી તંત્રએ હેલ્પલાઇન સેવા શરુ કરી છે . હેલ્પલાઇન નંબર 0281-2471573 પર ફસાયેલા લોકોનું નામ, સરનામું, તાલુકાનું નામ, ફોન નંબર સહિતની વિગતો મોકલી આપવા એક યાદીમાં જણાવાયું છે.

જમ્મુ કાશ્મીરમાં ભૂસ્ખલનની ઘટનામાં અરવલ્લી જિલ્લાના 40 જેટલા લોકો ટ્રાફિકમાં અટવાઇ પડ્યા હતા . હાલ તમામ લોકો સુરક્ષિત છે અને અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર સ્થાનિક તંત્રના સંપર્ક છે. સોશિયલ મીડિયા પર વીડિયો વાઇરલ થયો હતો , જેમાં કેટલાક લોકો માલપુર અને ધનસુરા તાલુકાના છે અને તેઓ અટવાઈ પડ્યા હોવાનું જિલ્લા વહીવટી તંત્રના ધ્યાને આવ્યું હતું.

આ અંગે જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિકે વધુ માહિતી આપી

**બાઈટ – પ્રશસ્તિ પારિક - કલેક્ટર, અરવલ્લી**

---

# LION CENSUS

રાજ્યમાં સંભવિત રીતે આગામી 10થી 13 મે દરમિયાન બે તબક્કામાં એશિયાઈ સિંહની વસતિ ગણતરી હાથ ધરાશે. એશિયાઈ સિંહો ને વસવાટ ધરાવતા કુલ 11 જિલ્લાના 35 હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર ને 'ડાયરેક્ટ બિટ વેરિફિકેશન' પદ્ધતિથી સાંકળી લેવાશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વૉઈસકાસ્ટઃ હંસીની વાજા)

(પ્રાથમિક વસ્તી અંદાજ મે મહિનાની 10 થી 11 અને આખરી વસ્તી અંદાજ 12 થી 13 મેના રોજ હાથ ધરાશે. રાજ્યમાં એશિયાઈ સિંહોની વસતિ ગણતરી સાથે સિંહની હિલચાલની દિશા , લિંગ, ઉંમર, ઓળખચિહ્નો, જીપીએસ લૉકેશન વગેરે વિગત નોંધવામાં આવશે. રિજિનલ , ઝોનલ અને સબ-ઝોનલ અધિકારીઓ સહિત લગભગ ત્રણ હજાર જેટલા તાલીમી સ્વયંસેવકો ગણતરીમાં જોડાશે . આ વસતિ અંદાજ માટે 'ડાયરેક્ટ બિટ વેરિફિકેશન ' પદ્ધતિનો ઉપયોગ કરાશે. તેનાથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે અંદાજે 100 ટકા ચોક્સાઈ મળે છે. દરમિયાન ગણતરી માટે અત્યાધુનિક કૅમેરા , રેડિયો કૉલર, ઈ-ગુજ-ફૉરેસ્ટ ઍપ્લિકેશન અને G.I.S. સૉફ્ટવૅર જેવી આધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ કરાશે તેવી સત્તાવાર માહિતી છે.)

(સમાચાર વિભાગથી હંસીની વાજા, આકાશવાણી અમદાવાદ.)

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં આગામી 3 દિવસ સુધી તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી કરી છે. તેમજ આવનારા 3 દિવસમાં દરિયાકાંઠાવાળા વિસ્તારમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે. આગામી 25 તારીખ સુધી ગુજરાત , સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહતમ તાપમાન 40 થી 43 ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની સંભાવના છે.

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં રાજકોટ ખાતે મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે અમરેલી , સુરેન્દ્રનગર અને કંડલા એરપોર્ટ ખાતે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદ અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

## બાઇટ: એ કે દાસ, હવામાન વિભાગ

---

# IPL T20 CRICKET

ગઈકાલે રાત્રે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી IPL T-20આઇ. પી. એલ. ટી-20 ક્રિકેટ મેચમાં ગુજરાત ટાઇટન્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 39 રનથી હરાવ્યું હતું. 199 રનના લક્ષ્યાંકનો પીછો કરતા , કે. કે. આર. 20 ઓવરમાં 8 વિકેટે માત્ર 159 રન જ બનાવી શકી હતી .. સુકાની અજિંક્ય રહાણે કેકેઆર માટે અડધી સદી ફટકારી હતી. પહેલા બેટિંગ કરવા ઉતરેલી ગુજરાતે નિર્ધારિત 20 ઓવરમાં 3 વિકેટે 198 રન બનાવ્યા હતા. સુકાની શુભમન ગિલે 90 રનની શાનદાર ઇનિંગ

રમી હતી, જ્યારે સાઈ સુદર્શને 52 રનનું યોગદાન આપ્યું હતું. ગિલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ જીત સાથે ગુજરાત 12 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે , જ્યારે કે. કે. આર. છ પોઈન્ટ સાથે સાતમા સ્થાને છે.

---